ctcm@gsrtc.org

## જાહેરાત ક્રમાંક - ૧/૨૦૨૬-૨૭

આથી જણાવવાનું કે, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી ખાતેની "અન્નપૂર્ણા કેન્ટીન"ના વાર્ષિક કોન્ટ્રાક્ટ આપવા માટે ભાવો મંગાવવામાં આવે છે. તો રસ ધરાવતી એજન્સી/પાર્ટીએ નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની વેબસાઇટ www.nau.in પરથી ટેન્ડર ફોર્મ મેળવી તેમાં જણાવેલ શરતો મુજબ પોતાના ભાવો ભરી બંધ કવરમાં તા.૦૭/૦૪/૨૦૨૬, સાંજે ૧૭:૦૦ કલાક સુધીમાં ફક્ત આર.પી.એ.ડી./સ્પીડ પોસ્ટ/કુરીયરથી "નિયામકશ્રી, વિદ્યાર્થી કલ્યાણની કચેરી, નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી–૩૯૬૪૫૦"ને મળી જાય તે રીતે મોકલવાના રહેશે. ટેન્ડરને લગતા સુધારા વધારા યુનિવર્સિટી વેબસાઇટ પર મૂકવામાં આવશે.

**સ્થળ : નવસારી**

Sandesh - Dt.01.04.2026

**તા. ૦૧-૦૪-૨૦૨૬**

**માહિતી/નવસારી/૮૦૨/૨૦૨૬**

**નિયામકશ્રી**
**વિદ્યાર્થી કલ્યાણ**
**નવસારી કૃષિ યુનિવર્સિટી નવસારી**

# પત્રક – ૧

## :: ભાવપત્રક ભરનાર પાર્ટીની પ્રાથમિક માહિતી ::

| | | | |
|---|---|---|---|
| ૧ | પાર્ટીનું નામ | : | |
| ૨ | સરનામું (પુરાવો રજુ કરવો) અને મોબાઈલ નંબર | : | |
| ૩ | ફૂડ લાયસન્સ નંબર | : | |
| ૪ | પાન નંબર (પુરાવો રજુ કરવો) | : | |
| ૫ | ટેન્ડર ફી ની વિગત (ડીડી નંબર, બેંક વિગેરેની માહિતી આપવી.) | : | |
| ૬ | EMD ની વિગત (ડીડી નંબર, બેંક વિગેરેની માહિતી આપવી.) | : | |

### કેન્ટીન સંમતિ પત્રક

આથી હું ............................................................................ ઉપરોક્ત ટેન્ડર સાથે સામેલ શરતો(પત્રક-૩) ને આધિન નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારી કેમ્પસ ખાતેની અન્નપૂર્ણા કેન્ટીનનાં ૧૧ (અગીયાર) માસ કરાર હેઠળ ચલાવવા માસિક ભાડું રૂ................................ રકમ (અંકે રૂપિયા.................................................................) થી હું મારા ભાવ આપું છું અને યુનિવર્સિટી કેન્ટીન ભાડેથી ચલાવવા માટે ટેન્ડર સાથે સામેલ શરતો વાંચી અને સમજી છે અને તે તમામ શરતોને આધીન રહી યુનિવર્સિટી કેન્ટીન ભાડેથી ચલાવવા સંમતિ આપું છું.

**ભાવપત્રક મોકલનારની સહી, સિક્કો અને સરનામું :**

પત્રક – ૨

# ટેન્ડર ફોર્મ

## વિગત : અન્નપૂર્ણા કેન્ટીનના વાર્ષિક કોન્ટ્રાક્ટ બાબત

| ક્રમ | વિગત | જથ્થો | તમામ ટેક્ષ સહિતના ભાવ |
|---|---|---|---|
| ૧ | ચા - અડધી | ૭૫ મી.લી. | ૦૬/- |
| ૨ | ચા - આખી | ૧૫૦ મી.લી. | ૧૨/- |
| ૩ | કોફી - અડધી | ૭૫ મી.લી. | ૦૮/- |
| ૪ | કોફી - આખી | ૧૫૦ મી.લી. | ૧૫/- |
| ૫ | ગરમ દુધ | ૧૫૦ મી.લી. | ૨૦/- |
| ૬ | ખમણ / ઈદડાં / ઢોકળા | ૧૦૦ ગ્રામ | ૨૦/- |
| ૭ | ફાફડા / ભજીયા / ગોટા / બટાટા વડા / સેવ ખમણી / ઉપમા / કચોરી | ૧૦૦ ગ્રામ | ૨૫/- |
| ૮ | બટાટા પૌવા | ૧૦૦ ગ્રામ | ૧૫/- |
| ૯ | ઇડલી સાંભર | ૦૨ ઇડલી + સંભાર | ૨૫/- |
| ૧૦ | થેપલા | ૦૨ નંગ | ૨૦/- |
| ૧૧ | આલુ પરોઠા | ૦૧ નંગ | ૨૦/- |
| ૧૨ | જલેબી | ૧૦૦ ગ્રામ | ૨૦/- |
| ૧૩ | બ્રેડ પકોડા / સમોસા મોટા | ૦૧ નંગ | ૧૫/- |
| ૧૪ | સમોસા નાના | ૦૧ નંગ | ૦૪/- |
| ૧૫ | વડાપાઉ સાદા | ૦૧ નંગ | ૧૨/- |
| ૧૬ | પુરી-શાક | ૬ નંગ પુરી અને ૧૫૦ ગ્રામ શાક | ૫૦/- |
| ૧૭ | ખિચડી, કઢી, સલાડ, છાશ | ૦૧ ડીશ | ૫૦/- |
| ૧૮ | ફીક્ષ લંચ | પ્રતિ ડીસ ૪ રોટલી, ૦૨ શાક, દાળભાત, પાપડ, સલાડ, છાશ | ૮૦/- |
| ૧૯ | અનલીમીટેડ લંચ | રોટલી, ૦૨ શાક, દાળભાત, પાપડ, સલાડ, છાશ | ૧૦૦/- |
| ૨૦ | બ્રાન્ડેડ ઠંડા પીણાં, પાણી બોટલ / આઇસ્ક્રીમ / સોડા / વેફર/ બિસ્કિટ / ચોકલેટ વિગેરે | MRP મુજબ | MRP મુજબ |

ભાવપત્રક મોકલનારની સહી, સિક્કો અને સરનામું :

## પત્રક – ૩

**નવસારી કૃષિ યુનિવર્સિટી ખાતેની "અન્નપૂર્ણા કેન્ટીન"ના વાર્ષિક કોન્ટ્રાક્ટની બોલીઓ અને શરતો**

| | |
|---|---|
| ૧ | "અન્નપૂર્ણા કેન્ટીન" ની સંપુર્ણ માલિકી નવસારી કૃષિ યુનિવર્સિટીની રહેશે. |
| ૨ | ટેન્ડર ભરવાની છેલ્લી તા.૦૭/૦૪/૨૦૨૬ સાંજે ૧૭:૦૦ કલાક સુધી રહેશે |
| ૩ | રસ ધરાવતી એજન્સીએ ટેન્ડરને લગતા કોઈ પ્રશ્નો હોય તો નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની કચેરીનો રજાના દિવસો સિવાય સંપર્ક કરવો. |
| ૪ | ટેન્ડર તા.૦૮/૦૪/૨૦૨૬ ને સવારે ૧૧:૦૦ કલાકે ખોલવામાં આવશે. |
| ૫ | ઉપરોક્ત કામગીરી માટે ટેન્ડર ફી રૂ.૨,૦૦૦/- નો ડીડી **"Account Officer (Cash), NAU, Navsari"** ના નામે ટેન્ડર સાથે આપવાનો રહેશે. જે નોન-રીફન્ડેબલ રહેશે. ટેન્ડર ફી ભર્યા વગરનું ટેન્ડર સ્પર્ધામાં ગણતરીમાં લેવામા આવશે નહિ. **(તા.૦૬/૦૨/૨૦૨૬ અને તા.૨૫/૦૨/૨૦૨૬ ની જાહેરાત મુજબ ટેન્ડર ભરેલ એજન્સીએ ટેન્ડર ફી ભરવાની રહેશે નહીં.)** |
| ૬ | ટેન્ડર સાથે EMD પેટે રૂ.૮,૦૦૦/- નો ડીડી **"Account Officer (Cash), NAU, Navsari"** ના નામનો રજૂ કરવાનો રહેશે જે યુનિવર્સિટી નિયમોનુસાર વગર વ્યાજે રિફંડ કરવામાં આવશે. EMD ફી ભર્યા વગરનું ટેન્ડર સ્પર્ધામાં ગણતરીમાં લેવામા આવશે નહિ. **(તા.૦૬/૦૨/૨૦૨૬ અને તા.૨૫/૦૨/૨૦૨૬ ની જાહેરાત મુજબ ટેન્ડર ભરેલ એજન્સીએ EMD ભરવાની રહેશે નહીં.)** |
| ૭ | ઈજારદારે પત્રક - ૨ માં દર્શાવ્યા મુજબના ભાવોથી ફરજિયાત પણે ખાદ્ય વસ્તુઓનું વેચાણ કરવાનું રહેશે. પત્રક - ૧ માં જે ઈજારદારનું માસિક ભાડું વધુ હશે અથવા કેન્ટીન કમિટીને યોગ્ય જણાશે તે ઈજારદારને ૧૧ માસના કરાર હેઠળ કેન્ટીન ઈજારો આપવામાં આવશે. |
| ૮ | ઈજારાની મુદત ૧૧ માસની રહેશે. પરંતુ મંજૂર થયેલ એજન્સીની સેવા સંતોષકારક જણાશે તો તેમની સેવાઓ માંગણીથી વધુ સમય માટે કેન્ટીન ચલાવવા દેવાનો હક્ક કેન્ટીન કમિટીનો રહેશે. ઈજારદાર વચ્ચેથી ગમે ત્યારે ઈજારો છોડી જાય ત્યારે ભરેલ સિક્યોરીટી ડીપોઝીટ જપ્ત કરવામાં આવશે. |
| ૯ | કેન્ટીનના ઈજારદારે ડીપોઝીટ રૂ.૫૦,૦૦૦/- (અંકે રૂપિયા પચાસ હજાર પુરા)નો **"Account Officer (Cash), NAU, Navsari"** ના નામનો ડીડી, નિયામક વિદ્યાર્થી કલ્યાણ, ન.કૃ.યુ., નવસારીની કચેરીમાં જમા કરાવવાની રહેશે અને ઈજારો પૂર્ણ થયે ડીપોઝીટ પરત મેળવવા ડીપોઝીટ જમા કર્યાની ઓરીજનલ રસીદ અને છેલ્લે જમા કરેલ લાઈટબીલની રસીદની નકલ સાથે લેખિત અરજી કરવાની રહેશે. |
| ૧૦ | ફુડ સેફ્ટીના કાયદાનો સંપૂર્ણપણે અમલ કરવાનો રહેશે. આ માટે ફૂડ સેફ્ટીનું સર્ટીફીકેટ ટેન્ડર સાથે ફરજીયાત મુકવાનું રહેશે. |
| ૧૧ | ઈજારદારે કેન્ટીનનું લાઈટબીલ પોતે સમયસર ભરવાનું રહેશે. લાઈટબીલ સમયસર જમા ન થાય અથવા વિદ્યુતબોર્ડ સાથે કોઈ તકરાર થાય અને તે બાબતે ભરણ ભરવાનું થાય તો તેની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. ભરપાઈ કરેલ લાઈટબીલની રસીદની ઝેરોક્ષ નકલ કચેરીમાં જમા કરવાની રહેશે. |
| ૧૨ | ઈજારદારે જે ભાડા દરથી કેન્ટીનનો કોન્ટ્રાક્ટ રાખેલ હોય તે માસિક ભાડું એડવાંન્સમાં દર માસની તારીખ ૦૧ થી ૧૦ સુધીમાં નિયમિતપણે નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની કચેરીમાં જમા કરાવવાનું રહેશે. સમયસર ભાડાની રકમ ભરવામાં નહીં આવે તો લેણી રકમ ઉપર કેન્ટીન કમિટી નક્કી કરે તે મુજબ ભાડા ઉપરાંતનો દંડ ભરવાનો રહેશે. યુનિવર્સિટી દ્વારા વેકેશન/અમાન્ય કારણોસર કેન્ટીન બંધ રાખવા જણાવે ત્યારે તેટલા સમયનું ભાડું ઈજારદારે આપવાનું રહેતું નથી. |
| ૧૩ | છેલ્લા ત્રણ વર્ષના ભરેલ આવકવેરાના પ્રમાણપત્રની નકલ ટેન્ડર ફોર્મમાં મૂકવાની રહેશે. GST નંબર હોય તો પુરાવો રજૂ કરવો |
| ૧૪ | કેન્ટીન ઈજારદારે જરૂરી તમામ સાધન સામગ્રી, ચીજવસ્તુ, ગેસ, ગેસના ચુલા વગેરે પોતાના વાપરવાના રહેશે. તેમજ પીવાના પાણીની વ્યવસ્થા ઈજારદારે કરવાની રહશે. |
| ૧૫ | કેન્ટીન ઈજારદારે પોતાના ખર્ચે અને જોખમે તથા સરકારી કાયદા મુજબ કેન્ટીનમાં કામ કરવા માટે શ્રમયોગી મજુરો રોકવાના રહેશે. કેન્ટીનમાં શ્રમયોગી તરીકે બાળ મજૂર (૧૮ વર્ષથી નીચેની વયના/સરકારશ્રીના કાયદા મુજબ) રાખી શકાશે નહીં. |
| ૧૬ | કેન્ટીનમાં કાયદાથી પ્રતિબંધિત હોય તેવા પીણાં/સામગ્રી (જેમ કે સીગરેટ, બીડી, પાન-મસાલા, તમાકુ અને તેની બનાવટ વગેરે) નું વેચાણ કરી શકશે નહી. |
| ૧૭ | નવસારી કૃષિ યુનિવર્સિટી તરફથી મંજુર કરવામાં આવે તે જ ભાવે દરેક આઈટમનું વેચાણ કરવાનું રહેશે. દરેક આઈટમ વાઈઝ ભાવોના લીસ્ટનું બોર્ડ કેન્ટીનમાં અવશ્ય લગાવવાનું રહેશે. |
| ૧૮ | સ્વાસ્થ્યને હાનિકારક અને વાસી કે ઉતરતી ગુણવત્તાવાળી તેમજ વધુ કોસ્ટીક સોડાવાળી ખાદ્ય સામગ્રી/પીણાં કેન્ટીનમાં વેચી શકાશે નહી. નિયત કરેલ સમિતિ દ્વારા નિર્ધારિત નિયમોના પાલન બાબતે સમયાંતરે કેન્ટીનની મુલાકાત લેવામાં |

| | |
|---|---|
| | આવશે. તેમજ જરૂર જણાય તો કાચી તેમજ પાકી સામગ્રીની ચકાસણી કરવામાં આવશે. સમિતિની સુચનાનો ઈજારદારે સત્વરે અમલ કરવાનો રહેશે. |
| ૧૯ | કેન્ટીનમાં પીરસાતા ભોજન/નાસ્તા/ગરમ પીણાની કાચી સામગ્રી કમિશ્નર ઓફ ફૂડ સેફ્ટી, ખોરાક અને ઔષધ નિયમન તંત્ર, ગુજરાત રાજ્યની સૂચના અને ગાઈડલાઈન મુજબ ફરજીયાત પણે વાપરવાની સંપૂર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૨૦ | કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓની સાથે, કેન્ટીનમાં કામ કરનારાઓ તરફથી વિનય, વિવેક અને સંયમપૂર્વકનો વ્યવહાર દાખવવામાં આવે તે અંગેની જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૨૧ | કર્મચારીઓ અને વિદ્યાર્થીઓ/વિદ્યાર્થીનીઓ સાથેના કોઈપણ પ્રકારના નાણાંકીય વ્યવહારોની સંપુર્ણ જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૨૨ | કેન્ટીનમાં ઉપસ્થિત ફર્નીચર અને યુનિવર્સિટીની માલ મિલકતની સંભાળ લેવાની જવાબદારી ઈજારદારની રહેશે. ફર્નીચર કે અન્ય ચીજ વસ્તુ કે યુનિવર્સિટી માલ મિલકતની થયેલ નુકશાનની ભરપાઈ ઈજારદારે કરવાની રહેશે. ઈજારો પુરો થયે જે તે વસ્તુઓ ચાલુ હાલતમાં રહેવી જોઈએ, અન્યથા ડીપોઝીટમાંથી સદર ખર્ચ સરભર કરી ડીપોઝીટ પરત કરવામાં આવશે. |
| ૨૩ | કેન્ટીનનો નિયત સમય સવારે ૦૭:૦૦ કલાક થી સાંજે ૦૭:૦૦ કલાક સુધી રહેશે. વિદ્યાર્થી/વિદ્યાર્થીનીઓની પરીક્ષા ચાલુ હોય ત્યારે તેમજ જરૂરિયાત ઊભી થાય તેવા ખાસ કિસ્સામાં નિયામક વિદ્યાર્થી કલ્યાણની કચેરીની સૂચના મુજબ કેન્ટીનના ઉપરોક્ત સમયમાં ફેરફાર કરવાનો રહેશે. |
| ૨૪ | કેન્ટીનમાં તેમજ તેના આસપાસના વિસ્તારની સંપૂર્ણ સ્વચ્છતા જાળવવાની જવાબદારી ઈજારદારની રહેશે. |
| ૨૫ | નાસ્તા માટેની ડીશ અને ચા માટેના કપના પૈસા અલગથી ગણવાના રહેશે નહીં. તેમજ થરમોકોલ કે પ્લાસ્ટિકની બનાવટના ડીશ/કપ પ્રતિબંધિત રહેશે. મુખ્ય કેમ્પસ ખાતેના કાર્યક્રમમાં ચા-નાસ્તો, ભોજન, વિગેરે કાર્યક્રમના સ્થળ પર ઈજારદારે પહોંચાડવાનું તેમજ પીરસવાનું રહેશે. |
| ૨૬ | કેન્ટીન પરીસરમાં સરકાર દ્વારા પ્રતિબંધિત પ્લાસ્ટિકનો ઉપયોગ કરી શકાશે નહી. |
| ૨૭ | કેન્ટીન અંગેની કોઈપણ ફરિયાદ બાબતે કેન્ટીન કમિટીનો નિર્ણય આખરી અને સંબંધિત તમામને સંપુર્ણપણે બંધનકર્તા રહેશે. |
| ૨૮ | ભાવપત્રકમાં દર્શાવેલ આઈટમ સિવાયની ચીજવસ્તુઓના વેચાણ માટે નિયામકશ્રી વિદ્યાર્થી કલ્યાણની આગોતરી મંજુરી મેળવવાની રહેશે. |
| ૨૯ | કાનુની ક્ષેત્ર નવસારીનું રહેશે. |
| ૩૦ | કેન્ટીન અંગેનો કોન્ટ્રાક્ટ આપવો કે ન આપવો તેનો અબાધિત અધિકાર કેન્ટીન કમિટીનો રહેશે. |
| ૩૧ | ભાવો માન્ય થયેથી કેન્ટીન ચલાવવા માટેની નવસારી કૃષિ યુનિવર્સિટી, નવસારીની શરતો ઈજારદારને માન્ય અને બંધનકર્તા હોવા અંગેની લેખિત સંમતિ રૂ.૩૦૦/- ના નોન જ્યુડીશીયરી સ્ટેમ્પ પેપર પર લખી આપવાની રહેશે. |
| ૩૨ | ઉપરોક્ત શરતો ૦૧ થી ૩૧નું પાલન ફરજીયાત કરવાનું રહેશે. આમાથી કોઈપણ એક શરતનો ભંગ થશે તો ટેન્ડર રદ કરવામાં આવશે. |

ઉપરોક્ત શરતો/નિયમોને સભાનપૂર્વક વાંચેલ છે અને તે પ્રમાણે તેનું પાલન કરવા સંમત હોવા બદલ આ સાથે સંમતિદર્શક સહી કરું છું. તેમજ ઉપરની શરતો સિવાય સંજોગોવસાત શરતોમાં ઉમેરો કરવામાં આવે તો મને આ અંગે કોઈ હરકત સરખું નથી.

તા. /૦૪/૨૦૨૬

**ભાવપત્રક મોકલનારની સહી, સિક્કો અને સરનામું :**